સંસારના સર્વ રોગ અને અનિષ્ટોનું મૂળ માનવીના અંતરમાં પડેલા રાગ, દ્વેષ અને તેની સ્વાર્થવૃત્તિમાં છે
- સ્વામી આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૧૩, બુધવાર; વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મેડીકલ કોલેજને મંજૂરીનું એક વધુ ગ્રહણ

## ગાંધીનગર મેડીકલ કોલેજની મંજુરી માટે મેડીકલ કાઉન્સીલે કેટલીક પૂર્તતાઓ અને ખુલાસાઓ માંગતા તંત્રમાં ભારે દોડધામ : આ માસાન્ત સુધીમાં જ કાઉન્સીલને પૂર્તતાઓ અને ખુલાસાઓ કરી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મેડીકલ કોલેજના દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી આપતાં પૂર્વે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા કેટલીક પૃચ્છાઓ સાથે ક્ષતિઓ અંગે કોલેજ સત્તાવાળાઓનું ધ્યાન દોરાતાં આ મંજૂરીમાં વિલંબ થવાની શક્યતાઓના સંકેતો સાંપડી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજના સત્તાવાળાઓએ દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી સાથે એક વર્ષની મળેલી મંજૂરીના રિન્યુઅલ માટે અરજી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને કરી હતી. જેને લઈ કાઉન્સીલની ટીમ દ્વારા જરૂરી ઈન્સ્પેક્શનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા સ્ટાફ પેટર્ન તેમજ કેટલીક સુવિધાઓને લઈ સત્તાવાળાઓ સમક્ષ ખુલાસા માંગ્યા છે. આ ખુલાસાઓનો પ્રત્યુત્તર જો સંતોષકારક જણાશે તો જ માન્યતા તેમજ દ્વિતીય વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટે વિચારણા કરાશે અને ૧૫ જ દિવસમાં આ બધી પૂર્તતાઓ કરવાની રહેશે તેવી સ્પષ્ટ તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજે મેડીકલ કાઉન્સીલે માંગેલી પૂર્તતાઓ અને પૃચ્છાઓ અંગેનો વિધિવત્ પત્ર કોલેજ સત્તાવાળાઓને મળી જતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

સત્તાવાળાઓ દ્વારા આ સપ્તાહના અંત સુધીમાં કાઉન્સીલને જવાબ આપી દેવા માટેની કડક તાકીદ કરી હોવાથી તે અંગેની તડામાર તૈયારીઓ હાથ ધરી દીધી છે.

એવી પણ વિગતો પ્રાપ્ત થઈ રહી છે કે ગત વર્ષે મેડીકલ કાઉન્સીલે મંજૂરી આપતાં પૂર્વે પૃચ્છાઓ અને પૂર્તતાઓ માંગી હતી અને જૂનના બીજા પખવાડિયાના પ્રારંભમાં મંજૂરીની લીલી ઝંડી આપી હતી.

આ વખતે પણ જૂનના બીજા પખવાડિયાના પ્રારંભે જ મંજૂરી મળશે તેમ મનાઈ રહ્યું છે. જો કે સત્તાવાળાઓ પૂર્તતા અને પૃચ્છાઓ અંગેના ખુલાસા આ મહિનાના અંત સુધીમાં કરી દેવામાં આવશે તેવો વિશ્વાસ ધરાવે છે.

સ્ટાફ પેટર્નને લઈ પૃચ્છાઓ અને પૂર્તતા કરવા જણાવાયું છે જે અંગેની જરૂરી કાર્યવાહી હાલ ચાલુ જ હોવાનું કોલેજના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. કેટલીક ટેકનીકલ બાબતોને લઈ કરાયેલી પૃચ્છાઓ અંગેના ખુલાસાઓ પણ કરી દેવામાં આવશે તેવા સંકેતો આ સૂત્રોમાંથી મળી રહ્યા છે.



સાગરને તીર એક ટટળે ટીંટોડી, ઊંચી આકાશ ઉઠે છે એની ચીખ...... આ કવિતાની પંક્તિઓ આજે ગાંધીનગરની સરકારી ઈમારતો નજીક ફરતી ટીંટોડીને જોઈને યાદ આવી જાય એ સ્વાભાવિક છે. આમ તો ગરમીના પ્રકોપને પગલે પંખીઓનો કલશોર શાંત થઈ ગયો છે અને અગનવર્ષા કરી રહેલા સૂરજદેવનો આક્રોશથી જન-જીવન ત્રાહિમામ થઈ ગયું છે ત્યારે દેખાયેલી આ ટીંટોડીને જોતાં લાગે કે ચોમાસુ ક્યાંક આસપાસ છે...!

(તસવીર : દિપક જાની)

## શહેરની એક બાંધકામ સાઈટના પાંચ મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાતાં તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની એક બાંધકામ સાઈટના પાંચ જેટલા મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાઈ આવતાં કોર્પોરેશનનું અરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે અને બાંધકામ સાઈટના સંચાલકોને તાત્કાલિક પગલાં લેવા માટે તાકીદ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં જુદી જુદી બાંધકામ સાઈટો પર પર પ્રાંતિય મજૂરો કામ કરી રહ્યા છે. આ મજૂરોમાં મેલેરિયાના કેસો ગત વર્ષે પણ વધુ જણાયા હતા. આજે એક બાંધકામ સાઈટના પાંચ જેટલા મજૂરોને મેલેરિયા પોઝીટીવ આવતાં જ તંત્રવાહકો હરકતમાં આવ્યા હતા.

### સર્વેલન્સ સઘન બનાવવા કમિશ્નરની તાકીદ

મળતી વિગતો મુજબ આ બાંધકામ સાઈટના સંચાલકને તાત્કાલિક જરૂરી પગલાં લેવા માટે જણાવી દેવામાં આવ્યું છે. તંત્રના અધિકારીઓએ સ્થળ તપાસ પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન મ્યુનિ. કમિશ્નર શ્રી પાડલિયાએ પણ ચોમાસાની આવી રહેલી સિઝનને ધ્યાને રાખી આગામી દિવસોમાં વિવિધ બાંધકામ સાઈટોના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર હિટવેવ યથાવત

## ગાંધીનગર-ઈડરમાં ૪૩ ડિગ્રી તો મોડાસામાં ૪૩.૫ પારો નોંધાતા જનજીવન અસ્ત-વ્યસ્ત થયું : હિટવેવ હજુ ૪૮ કલાક યથાવત રહેવાની આગાહી : પશુ-પંખીઓનો કલરવ પણ ગરમીને લઈ શાંત થઈ ગયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલ હિટવેવ હજુ આગામી ૪૮ કલાક સુધી યથાવત રહેવાની આગાહી હવામાન ખાતાના સૂત્રોએ કરી છે.


ગાંધીનગર અને ઉત્તર ગુજરાતના ઈડર ખાતે તાપમાનનો પારો આજે ૪૩ ડિગ્રી નોંધાયો છે. જ્યારે મોડાસા ખાતે ગરમીનો પારો ૪૩.૫ ડિગ્રી, ડીસા અને રાજકોટમાં ૪૨.૮ ડિગ્રી, અમરેલી અને અમદાવાદમાં ૪૩.૯ ડિગ્રી, વલ્લભવિદ્યાનગર ખાતે ૪૨.૬ ડિગ્રી, વડોદરામાં ૪૨.૧ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું છે.

આકરી ગરમીના ભરડામાં સપડાયેલા ગાંધીનગરને હજૂ આકરી ગરમીથી છૂટકારો મળ્યો નહતો. આજે પણ મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું.

મોસમનો મિજાજ હજુ આકરો છે. અપેક્ષા અને આગાહી મુજબ હજુ ગરમી યથાવત રહેશે. ગરમીના પ્રકોપથી સમગ્ર માનવજાત પર તેની ઘેરી અસર થઈ રહી છે. આખો દિવસ આકરી ગરમી પડતાં સમગ્ર જનજીવન

● અનુસંધાન પાન-૭ પર










બુકિંગ ઓપન

ફ્લેટ / દુકાનો

ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ, એસ.જી. હાઈવે 2BHKના ફ્લેટ અને દુકાનો, સ્વીમીંગ પુલની સુવિધા

મો. : ૯૯૦૯૨ ૮૦૬૩૧

મો. : ૯૭૨૬૦ ૮૮૩૩૩


## આગામી દિવસોમાં ગરમી ઘટશે : ચોમાસુ સમયસર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી દિવસોમાં કાળઝાળ ગરમીમાં રાહત મળશે ચોમાસુ પણ સમયસર છે.

હાલમાં ગુજરાતના ઘણા ભાગોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ગરમીની સવિશેષ અસર જણાય છે. જ્યારે દરિયાકિનારાના ભાગોમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ જણાતુ નથી. નક્ષત્રના આધારે જોતા આગામી દિવસોમાં ગરમીમાં ધીરેધીરે રાહત મળે તેવી વકી છે. સામાન્યતઃ તા. ૨૧ થી ગરમીમાં આંશિક ઘટાડો થશે જે ઘટાડો સુસવાટાભર્યા પવનોથી તા. ૨૪ સુધીમાં ઘટે તેમ છે. તા. ૨૩મી દક્ષિણ તરફથી સુસવાટાભર્યા પવનો ફુંકાતા ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ દક્ષિણ પશ્ચિમ પવનોની અસરના લીધે ગરમી ઘટવાની વકી રહે તેમજ ગરમીની સાથે સાથે તા. ૨૪ દરમ્યાન વાદળ-વાયુ પણ જણાય. આગામી દિવસોમાં દક્ષિણ આંદમાન સમુદ્ર તેમજ દક્ષિણ પૂર્વ ઉપસાગરમાં ભારે વરસાદની વકી રહે તેમજ આસામ-ઓરિસ્સા તેમજ લક્ષદ્વિપના કેટલાક સ્થળોએ વરસાદી ઝાપટા કે વરસાદ થવાની વકી રહે. વરસાદ અંગે જોતા હજુ દરીયાઈ કોરમડીના લક્ષણો પુનમ આસપાસ આવવાની વકી રહે. તે પછી માસ-સવા માસ નિયમિત ચોમાસુ આવવાની વકી રહે. હાલમાં વનસ્પતિના વૃદ્ધિના લક્ષણો જોતા સારૂ ચોમાસુ આવવાની શક્યતા જણાય છે. આમ છતાં વડ જેવા વૃક્ષની વડવાઈઓ હજુ ફૂટવામાં નથી. આકાશમાં સમડી વગેરે પક્ષીઓ ઘુમરાવ કરતા જોવા મળતા નથી એટલે આકાશી, હીમચાદરના લક્ષણો જણાતા નથી. ચોમાસાની છડી પોકારતા પક્ષીઓનો અવાજ આવતો નથી. આથી નિયમિત ચોમાસાની હજુ વાર રહે પરંતુ તા. ૨૫ થી રોહિણી નક્ષત્રમાં સૂર્ય આવતા દેશના દક્ષિણપૂર્વ ભાગમાં ચોમાસાની ગતિવિધિની સાનુકૂળ સ્થિતિ સર્જાવાની વકી રહે અને કેરળ કાંઠે તા. ૩૧મેથી ૨જી જૂન વચ્ચે ચોમાસુ પહોંચી જવાની વકી રહે. રોહિણી નક્ષત્રનો વર્તાર તા. ૨૭ મે થી ૫ જૂન સુધીમાં ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં રોહિણી રેલે અને જ્યાં જ્યાં રોહિણી રેલે તે સ્થળોએ ચોમાસામાં પુનઃ

● અનુસંધાન પાન-૭ પર












અંતઃકરણપૂર્વક આભાર

અમારા ખમતીધર મોભી

**શ્રી હિતેનભાઈ બારોટ**ની અણધારી ચિર વિદાયથી

અમને ક્યારેય ન પૂરાય એવી ખોટ પડી છે.

ઊંડા આઘાત અને દુઃખની આ વેળામાં સહુ પરિવારજનો, સગા-સંબંધીઓ, સ્નેહીજનો, મિત્રો અને શુભેચ્છકોએ જે દિલસોજી દાખવી, સહુ તરફથી જે સાથ અને સાંત્વના મળ્યાં તથા સમગ્ર સમાજે જે હૂંફ આપી છે તેનું ઋણ અમે સ્વીકાર કરીએ છીએ અને કર જોડીને આપનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ...

લિ.

રજનીભાઈ, યશવંતભાઈ, દિલીપભાઈ

**સ્વ. સોમાભાઈ બાપાલાલ બારોટ** (નિવૃત્ત રેલ્વે ગાર્ડ) **પરિવાર**

દિવ્યા હિતેનભાઈ બારોટ (પત્ની) | સુવાસ હિતેનભાઈ બારોટ (પુત્ર)

**ઈન્ફોસિટી પરિવાર, ગાંધીનગર**